॥ श्रीगोकुलेशो विजयते ॥

अथ

॥ श्रीदण्डाकर दिवाकरः ॥



लेखक :

पण्डित बालमुकुन्द वैकुण्ठराय

वीरपुर (रेवाकांठा)

कि. १-४-०

આમુખ

સર્વ વૈષ્ણવ તિલકોમાં લલાટમાં કરવાનું મુખ્ય તિલક તો દંડાકાર જ છે. તેની પ્રાચીનતા પુરાણો તથા ઉપનિષદોના પ્રમાણોથી દશદિગંત વિજયી શ્રી પુરુષોત્તમજી મહારાજે સિદ્ધ કરી છે. દંડાકાર તિલક કોને કહેવું એ વિષે બે પ્રકારો પુષ્ટિ સંપ્રદાયમાં સદીઓથી ચાલ્યા આવે છે, શ્રીગોકુલેશપ્રભુની અનન્ય સૃષ્ટિ જે દંડાકાર તિલક કરે છે તેને "છુટું તિલક" કહે છે અને ઇતર વૈષ્ણવો જે તિલક કરે છે તેને "બાંધ્યું તિલક" કહે છે. ભગવત્સેવામાં ઘરઘરની પ્રણાલિકા જુદી જુદી હોવા છતાં સંપ્રદાયમાં જેમ ભૂષણરૂપ ગણાય છે, તેમ તિલકવિધેના બે પ્રકારો પણ ભૂષણરૂપ જ ગણાય. તેથી જ શ્રી ગોકુલેશપ્રભુની સૃષ્ટિના તિલકને "કૂપશા" તથા 'સડો' કહેવું એ સંપ્રદાયબહિર્મુખતાનું જ દ્યોતક ગણાય. છતાં કાઠિયાવાડના એક ખૂણામાં તેવાં ભાષણો થયાં અને તે જાહેરપત્રોમાં છપાયાં. પરિણામે તેની સામે સ્થળે સ્થળે જાહેર સભાઓ ભરાઈ અને તિલક સામે થયલા ગંદા આક્ષેપો તરફ સખ્ત તિરસ્કાર દર્શાવવામાં આવ્યો. છાપાંઓમાં પણ ખૂબ ચર્ચા ચાલી અને શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિના આનુવંશિક અનુયાયી વિદ્વાન્ પંડિત શ્રી બાલમુકુંદ વૈકુંઠરાય શાસ્ત્રીએ તેના જવાબો આપ્યા.

ત્યારબાદ અમદાવાદમાં આ પ્રકરણે ઉગ્ર સ્વરૂપ ધર્યું. સામસામી શાસ્ત્રાર્થીના પડકારો થયા. શ્રીગોકુલેશપ્રભુની સૃષ્ટિના શાસ્ત્રાર્થ માટેના સબળ પ્રયાસો આક્ષેપકોની ચૂપકીદીથી નિષ્ફળ નીવડયા અને આક્ષેપકર્તાઓએ શાસ્ત્રાર્થનો સંભવ જ ઉભો થવા દીધો નહિ. આ ચર્ચાનો પડઘો શ્રીવલ્લભકુળ સમસ્તની જાતીય સભા શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવવલ્લભનાટીય મહાસભામાં પડયો અને આવી ચર્ચા તે સંપ્રદાયને અહિતકર ગણવામાં આવી.

નિત્ય લીલાસ્થ ચતુર્થ પંચમપીઠાધીશ્વર પૂજ્યપાદ ગોસ્વામી શ્રીવલ્લભાચાર્યજી મહારાજની એવી ઇચ્છા હતી કે આ બધું પ્રકરણ એક પુસ્તકાકારમાં સંગ્રહરૂપે પ્રકટ કરવું જોઈએ અને ભવિષ્યમાં શ્રીગોકુલેશપ્રભુની સૃષ્ટિના આતિલક ઉપર કોઇ વિદ્વાન્ આક્ષેપ ન કરી શકે તેવો વાદ ગ્રંથ (સંસ્કૃતમાં) પ્રકટ કરવો જોઈએ. આપશ્રીની એ અભિલાષા આ પુસ્તક દ્વારા પૂર્ણ કરીને પંડિત શ્રી બાલમુકુંદજીએ શ્રી ગોકુલેશજીના ચતુર્થપીઠ તરફ પોતાની અનન્ય ઉત્કટ ભાવના દર્શાવી છે.

આ પુસ્તક હું આખું વાંચી ગયો છું. તેમાં શાસ્ત્રીય પ્રમાણોથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે, મુખ્ય દંડાકાર તિલક તો શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિ જે દ્વિરેખ તિલક કરે છે તેજ છે.

દંડાકાર તિલક વિષે બીજા પ્રાચીન તથા અર્વાચીન સંસ્કૃત ગ્રંથો પ્રકટ થયા છે, પણ આ ગ્રંથ તો નવો જ પ્રકાશ અર્પે છે. ગ્રંથની સંસ્કૃત ભાષા અર્થ ગંભીર છે. ન્યાય મીમાંસાની પદ્ધતિએ વિષયની છણાવટ થઇ છે. પ્રમાણોના અર્થ વિશદીકરણમાં વ્યાકરણ આદિની સહાયતા સ્વીકારી છે. પ્રાચીન દાર્શનિક વિદ્વાનોના વાદ ગ્રંથ સમો આવો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ લખીને ગ્રંથકર્તાએ પોતાની વિદ્વત્તાનો, દઢ સાંપ્રદાયિકતાનો સંપ્રદાયને સુંદર પરિચય આપ્યો છે.

શ્રીગોકુલેશપ્રભુની સૃષ્ટિના દરેક ઘરમાં આ પુસ્તક હોવું જોઈએ. આવા ઉચ્ચ વિદ્વાન માટે સારા સંપ્રદાયે ગૌરવ માનવું ઘટે. તેથી જ વ્યક્તિગત મતભેદ છતાં પૂજ્યપાદ વિદ્વન્મુકુટમણિ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી દીક્ષિતજી મહારાજે આ પુસ્તકને પ્રમાણ-પત્રથી સન્માન્યું છે, ગ્રંથ કર્તાની યોગ્ય કદર કરી છે.

સાહિત્યરસિકો આ ગ્રંથનો અભ્યાસ કરશે તો તેમને સત્યનો પૂર્ણ સાક્ષાત્કાર થશે. સૃષ્ટિમાં સપડાયલાઓ જો આનું મનન કરશે તો જરૂર તેમના સંશયનો અંશ પણ રહેશે નહિ. ગ્રંથ શિષ્ટ ભાષામાં લખાયો છે. આક્ષેપક તરફ કોઈ પણ સ્થળે આકરા શબ્દો ફેંક્યા નથી. વાદગ્રંથ છતાં સભ્યતાનો સંપૂર્ણ આદર આ ગ્રંથમાં છે. તેથી જ તે જનતાનું આકર્ષણ પણ જરૂર કરશે.

વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.



॥ श्रीगोकुलेशोविजयते ॥

ઉપોદ્ઘાત

शास्त्रसंस्कारवन्तो ये प्रतिभाशालिनो बुधाः
ते पश्यन्त्वत्र शास्त्रोयमित्तरे वा यथारुचि ॥

વર્તમાન સમયમાં વૃદ્ધાચારોને કેટલાક જુવાનીઆઓ સડો કહે છે અને વર્ષોના ગોળાકારમાં સાફ કરવાનું કામ પણ હોંશે હોંશે કરે છે, જહેનાથી જે ન બની શકે, જે તરફ અણગમો આવતો હોય તે પણ ત્હેને માટે એક પ્રકારનો સડો છે. આ સાફ કરવાનું કામ સહેલું નથી, ઘરનો સડો ઘરનાં અને બહારનો સડો બહારનાં દૂર કરે એ બધું આદિ અનાદિથી ચાલતું આવ્યું છે, છતાં સડો પણ આપણે માનીએ તેટલો નિરૂપયોગી નથી, સડો એટલે એક પ્રકારનો કચરો, સંસારમાં ઇશ્વરે બનાવેલી કોઇપણ વસ્તુ ઉપયોગ વિનાની નથી, કચરો ભીનું કોરૂં કરવા, કોરાને ભીનું બનાવવા અથવા ખાડો પુરવા વિગેરે કામમાં આવે છે, રાડાં કે છાણનો સડો ખાસ ખાતર માટે જ સંઘરાય છે, બ્રહ્માંડરૂપ તાવ-ડામાં તમામ વસ્તુ પરમેશ્વરનું સ્વરૂપ છે. વૃદ્ધાચારો તરૂણોને સડો લાગે તો તરૂણોના આચારો-હકીકત આમ છે.

કોઇની દૃષ્ટિમાં શ્રીગોકુલેશાનુયાયિયોનું દ્વિરેખ-દંડાકાર તિલક સ્વરૂપ અને ૮૪ વૈષ્ણવોની વાતો સડારૂપ દેખાય તો તે ત્હેને સુધા-રવા, ફારફેર કરવા, સાફ કરવા યથેચ્છ પ્રયત્ન આદરે તો આશ્ચર્ય નથી. ત્હેનો તે અબાધિત હક્ક હોય તો અપેક્ષકનો રક્ષણ કરવા

મૂળરૂપે રાખવા અનુમાન અન્યથા ન કરવા તેવો અને તેટલો જ, ઉપેક્ષા અને અપેક્ષાની એક પ્રકારની ચેષ્ટા, અત્યારનો સમય જ એવો છે કે કોઈ વાંદરો લઈને નીકળે તો ત્હેની પાછળ કુતૂહલપ્રિય જૂથે [illegible] [illegible] [illegible] નીકળવાનાં જ, વાવટાવાળાની [illegible] [illegible] પ્રસિદ્ધિ કરવાનાં જ, આપત્તિ આવતાં વેરાઈ પણ જવાનાં, [illegible] [illegible] ફુંક્યા કાં તો વકીલોની ખુશામત [illegible] [illegible] [illegible] સમયમાં જ્ઞાનના અજીર્ણવાળા જાતે કૂદી પડે, જ્ઞાન હોય કે ન હોય, આમ તેમથી એકઠું કરી પોતે માની લીધેલા સિદ્ધાન્તનું [illegible] સ્વરૂપ ઉભું કરે, સ્હમજાવ્યા સ્હમજે નહિ, [illegible] રહે નહિ, બોલવાદે નહિ બોલે તે સાંભળે નહિ, સાંભળે તો તે સ્વીકારે નહિ, આમ અનેક પ્રકારના નિષે-ધાત્મક [illegible] પેટનું [illegible] ફેરી ફરનારા ગામે ગામ ઠામે ઠામ [illegible] આવે છે, [illegible] કર્યું નહિ, પ્રભુનાં નિર્માણ ઉપેક્ષક કે અપેક્ષકની દૃષ્ટિમાં એકનાં એમ જ રહેવાનાં, ઉપેક્ષા અને અપેક્ષા અને પ્રભુની ઇચ્છાથી થાય, પ્રભુની ઇચ્છાનું કારણ પણ પ્રભુ જ જાણે, [illegible] [illegible] રહેશે અને [illegible] કરનારા પણ રહેશે, ચાલતું આવ્યું છે.

ઉપેક્ષકને આરૂઢ લાગતી વસ્તુમાં અપેક્ષકની અપ્રતિમશ્રદ્ધા દેખાય છે, ૨૫૨ અને ૮૪ ના વાંચનારા જેટલા સ્વરૂપ વંશ અને સંપ્રદાયમાં શ્રદ્ધા રાખે છે તેટલી અને તેવી શ્રદ્ધા હાલના વિદ્વદ્વર્ગમાં જોવામાં આવતી નથી, ભલે તેઓ વ્યાખ્યાતા કે ગ્રન્થકાર હોય, [illegible] ખાસ કરીને વાત કરવામાં આવે તો વિદ્વદ્વર્ગનો આચાર નિશ્ચય દેખાતો નથી, સંસ્કાર-શુદ્ધિ શ્રીહરિની કૃપા વિના ન થાય, કેટલાક વિદ્વાનો આર્થિક લોભથી કે ધનવાનોના સધર્મી [illegible] મેળથી અથવા સાંપ્રદાયિક સંસ્થાઓમાં શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવાથી સામ્પ્રદાયિક થયા હોય છે એટલે તેવાઓનું માનસ સ્વગૃહ

સંસ્કારના પ્રભાવે પંચાંગિયું હોય છે, આવાઓના સંગબલથી એમની વિદ્વાના પ્રશંસક ગુરૂજનો પણ સમયે ગોટાળા કરે તે સમ્ભવિત છે. કોઈ સ્થળે વાંચવામાં આવેલું કે આવી રીતે સમ્પ્રદાયમાં વિદ્વાન ગણાતા કોઈએ કોઈ સાથે શાસ્ત્રાર્થના પ્રસંગે અમુક બાબત અમુક ગ્રન્થમાં નથી તેમ સભાવચ્ચે કહ્યું ત્હેનો જવાબ પ્રતિપક્ષિયે ત્યાં ને ત્યાંજ તેજ ગ્રન્થમાંથી તે બાબત બતાવીને આપ્યો. આજ પ્રમાણે દ્વિરેખ-દંડાકારની વ્યવસ્થા પણ દેખવામાં આવી તે દશ-દિગન્ત વિજયી શ્રી પુરૂષોત્તમજી મહારાજના ઊર્ધ્વપુંડ્ર ધારણવાદ તથા કાંકરોલીવાળા ગો. શ્રી ગિરિધરજી કૃત ઊર્ધ્વપુંડ્રમાર્તંડનાં આ ગ્રન્થમાં આપેલાં અવતરણોથી વિચારશીલ વિપશ્ચિદ્ગણના ધ્યાનમાં આવશે અને તેની બે રેખાઓ અનર્થક છે એમ અનવસરે કહેતા ફિરતા ઘેલાઓની ચેષ્ટા જ અનર્થક છે તેમ સમજાશે. કર્ણ-પથમાં દૃષ્ટિ-બુદ્ધિનો પ્રવેશ ન થતાં યેન કેન પ્રખ્યાતિના ઉપાસકો આવાં પડઘમો વગાડી કર્ણશૂલ ઉપજાવે છે અને વિવેચકની દૃષ્ટિમાં પ્રશાન્ત સરોવરો ઊપર તરતા જીર્ણ શીર્ણ પત્રચૂર્ણસમા દેખાય છે, નાઈલાજે ના છૂટકે પિપાસુ પુરૂષ હાથ હલાવીને ત્હેને દૂર કરે અથવા ખપ પૂરતો કિનારે નાખે, અશુદ્ધ કળિકાળમાં શુદ્ધ-વસ્તુ પણ અશુદ્ધિના આવરણે આચ્છાદિત થવાની જ; તાજાં ખીલેલાં સુન્દર સુવાસિત પુષ્પોની છાબ ઉપર પડેલા માલણના મલિન રૂમાલ જેવાં આવાં ધતીંગો તેપણ એક પ્રકારનો યુગધર્મ છે, સડો સર્વત્ર છે અને સડામાં જ શ્રદ્ધાની જાહોજલાલી છે.

પંડિત સુદર્શનાચાર્ય લખે છે કે-**अत्रहि विद्याविहीना अपि विद्वांसः शास्त्रिशब्दवाच्याश्च ।** જો આવાઓના શાસ્ત્રથી દ્વિરેખ-દંડાકાર તિલક અશાસ્ત્રીય થતું હોય તો આશ્ચર્ય નહિ, **आगमोत्थं विवेकाच्च द्विधा ज्ञानं तथोच्यते ।** શાસ્ત્રનો જાણ

કાર અશાસ્ત્રીય કહે નહિ અને વિવેક હોય તો પરમ્પરાથી પ્રચલિત તરફ કુદૃષ્ટિ કરી વિતંડા વ્યવહારમાં પ્રવૃત્ત થવાય નહિ પણ सर्व्वमेव कलौ शास्त्रं यस्यपद्वचनं द्विजाः । આવાઓના વચનમાં ન આવતું શાસ્ત્રીય અને શુદ્ધ અને અશુદ્ધ અન્યેનું सामान्याधिकरण्यं हि तेजस्तिमिरयोः कुतः । કોઈપણ પ્રકારે સામ્ય ઘટે નહિ. અન્યોનાં શાસ્ત્ર ભિન્ન અને તેથી શાસ્ત્રીય વ્યવસ્થા પણ પરસ્પરથી ભિન્ન જ [illegible], વ્યાકરણથી શબ્દાર્થતા, [illegible] અભિધાનથી અભિધેયતા હોવા છતાં પણ [illegible] દ્વિરેપ-દંડાકાર જો શાસ્ત્રીય થઈ જાય તો તેને ' आघ्रातं परिलीढमुग्रनखरैः क्षुण्णञ्च [illegible] [illegible] यद्भुतनीरसत्वकुपितेनेतिव्यथां मा कृथाः । ' [illegible] સૂંઘવામાં થઈ, ઊહાપોહથી જરા ચાટણી થઈ, [illegible] નખો વડે પીંખણી થઈ, પેપરોના [illegible] કરવા છતાં એવાઓને એમની [illegible] ત્યારે ગુસ્સે થઈને પડતું મૂક્યું– [illegible] ન સમજી.' 'અહોભાગ્ય કે ભાવનાના [illegible] ન કર્યો.' એમ આશ્વાસન આપવું રહ્યું, दंडाकारं तदादेस्यात् । એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અને ઊભી બે રેખાઓ શાસ્ત્રીય છે એ શ્રીમહાપ્રભુજીનાજ સેવકોનાં વચન, [illegible] वयम् । શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે માટે કોઈ [illegible] પૂરતા અસજ્જન થાય તોહે असतश्चाक्रमं सहेत् । [illegible] સહી લેવું.

શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિમાં ચતુર્થગૃહવિના અન્યત્ર પરસ્પર આવા આક્ષેપો થતા નથી, શ્રીગોકુલનાથજીના સમયથીજ તિલકની ભિન્નતાને લઈને આ ઉપદ્રવો થતા આવ્યા છે, પૂજ્યપાદ શ્રીગોકુલનાથ-

જીનો વંશ બે ત્રણ પેઢીથી આગળ ચાલ્યો નથી જેથી ત્હેમની ગાદી ઉપર આવનાર ગો. બાળકોના તિલક સમ્બન્ધિ સંસ્કાર પ્રથમથી ભિન્ન હોવાથી તેઓએ આ તરફ વિશેષલક્ષ્ય આપ્યું હોય તેમ જણાતું નથી.

[illegible] પ્રભુના વચનામૃતમાં થોડું મળી આવે છે. વૈષ્ણવો પરમ્પરાથી આ તિલકને જ શુદ્ધ દંડાકાર માની કરતા આવ્યા છે. આ બાબતમાં [illegible] વૈષ્ણવો ન તો પીઠાધીશને કોઇ વિનતિ કરે કે [illegible] ન કોઈ આજ્ઞા કરે, વચ્ચે વચ્ચે ગોસ્વામિનીઓના [illegible] અરાજક જેવાં તન્ત્રો ચર્ચાકારોની ચર્ચાનાં ક્ષેત્રો બને, ન તો પીઠાધીશ્વર પ્રત્યુત્તર આપે, નવા વૈષ્ણવો તે તરફ [illegible] ધ્યાન આપે, વાતાવરણ વિશેષ ગરમ માલુમ પડે તો પીઠાધીશ પોતાના તે ચર્ચાકાર બન્ધુજનોને અથવા તો તે અર્ધદગ્ધ [illegible] રોકે, તેટલો સમય જરા શાન્તિ પણ कित्तेन, [illegible] તેનું તે કુતૂહલ કરે, આકર ગ્રન્થોના આદિથી [illegible] વાંચનારા ઓછા, વાંચીને વિચાર કરનારા વીરલા, [illegible] સમ્પ્રદાયની સમષ્ટિમાં ચતુર્થશૃંકને ગણીને આદ્રિરેખ-[illegible] દંડાકાર સમ્બન્ધિ સંક્ષેપમાં કૈં કહ્યું હોય તો ચર્ચાકારો केचित् [illegible] અર્થ અનાદરમાં છે કહી દબાવે, तुष्यतु ન્યાયે ભિન્ન પડેલા [illegible] કરે એમ કોઈ શકે પણ तदनुचितम् અથવા તેવું કૈં [illegible] સંભાવ્ય હોય તોજ વિરોધીના મત પ્રમાણે નિન્દા અથવા [illegible], એમને તો 'બે દંડ કરવા' એવું ચોકખું લખાણ [illegible] द्विरेखं भवति। दण्डाकारं कल्पयेत्। मध्ये छिद्रञ्च कल्पयेत्। अन्तरालं प्रकल्पयेत्। વિગેરે હોવા છતાં जिगीषुणा ह्रियं त्यक्त्वा कार्य्यः कोलाहलो महान्। એ કલિધર્મને આગળ કરી પોતાનું સત્ય અને અન્યનું સર્વ ફોક માનનારા સર્વફોકોની દૃષ્ટિમાં તો સર્વ ફોકજ છે, સંક્ષેપમાં 'दण्डाकारं

લલાટેસ્યાત્ ' એ શ્રીમહાપ્રભુજીના તિલક સંબન્ધિ મહાવાકયને ગ્રન્થકારોએ પોતાની રુચિ પ્રમાણે ઉપલક્ષણથી કે પરિભાષાથી પાંડિત્ય પ્રમાણે જ પ્રમાણિત કર્યું છે, ત્યારે [illegible] એમના [illegible] જરૂર જણાવ્યું છે, આ પુસ્તકમાં [illegible] રીતે ઉપલક્ષણ અને પરિભાષાનાં લક્ષણો બતાવી ' [illegible] ' એમ [illegible] પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને તે [illegible] પ્રમાણો પ્રમાણે.

[illegible] રસ-બસ હોવાથી પોતાની [illegible] જાણતા નથી, જાણે તો પ્રમાણ [illegible] માર્ગનું તત્ત્વ બીજો શું જાણે, [illegible] તે શું ખોટું હશે, શ્રીજીએ દંડાકાર [illegible] કહીને યતી ચર્ચા તરફ બેદરકાર રહે, એમના [illegible] સમ્પ્રદાયમાં 'સમય સમયનાં દર્શન કરવાં [illegible] તોહે કીર્તનો ગાવાં, શ્રીઠાકુરજીને [illegible] મંડળીમાં ૨૫૨ કે ૮૪ વૈષ્ણવોની વાર્તા, [illegible] કે કોઈ બાળકનાં વચનામૃત વાંચવાં, સમૃદ્ધિ [illegible] મર્યાદ લઇ ભગવત્સેવા કરવી. આટલુંજ સર્વ [illegible] છે; કોઇ વિદ્વાન એમના કર્તવ્યપરત્વે કદાચિત્ કૈં [illegible] જ્ઞાનની જરૂર નહિ. જ્ઞાનીના હૃદયમાં ભાવ ન [illegible] દોષ પંડિતની દૃષ્ટિ તિમિર ભરીજી રે, આપણુને [illegible] ન ગમે, મુખતેં શ્રીવલ્લભ વલ્લભ કહીએ' વિગેરે [illegible] ઉપયોગ કરે. સમાનશીલનાજ સંસર્ગ, આમ હોવાથીજ [illegible] અનુભવી એક સામ્પ્રદાયિક વિદ્વાન મિત્ર લખે છે કે –' हन्त ! भावनाप्रधानेऽस्मिन्सम्प्रदाये वणिग्वृत्तिभूमत्वादेव पण्डितानां महती दुरवस्था दृष्टिपथमवतरति '। યુવાનવર્ગ બ્ય-

વસાય વ્યગ્ર હોવા જ્યાં સમુદાયના રીવાજ પ્રમાણે કે વૃદ્ધોને ખૂશ કરવા માળા તિલક રાખે, દર્શને જાય, કીર્તનો ગાય એમ પ્રાચીન ક્રમ સચવાય, શિક્ષિતવર્ગ પ્રસિદ્ધિ પૂરતાં સભા, ભાષણ, પુસ્તકાલય પાઠશાળા વિગેરેના ઉદ્ઘાટન કરે, થોડા સમયમાં જ આ બધું ઉદ્દપારત, આમ હોવા જ્યાં એ ભક્તો દેવ-ગુરૂમાં પ્રેમભાવ અને શ્રદ્ધા તો જરૂર વધારવા જોઈએ કે, કોઈએ નિબન્ધ વગેરે વાંચ્યાં હોય તો दण्डाकारं ललाटे स्यात् । કહે પણ નિગૂઢ હૃદય શ્રીમહાપ્રભુજીની એ નિગૂઢ વાણીના મર્મને સમજ્યા વિના, ઉપલક્ષણે અને પરિભાષાના ઊંડી ઉતર્યા વિના, ચર્ચાકારની ગુંચવણી તરફ તીણી નજર નાખ્યા વિના, વાક્યાર્થના તારતમ્યને સમજ્યા વિના જ.

વિદ્વાનો કે જે સાધારણ પૌરાણિકો હોય છે તે પણ જો પરમ્પરાથી હોય તો થોડું ઘણું સામ્પ્રદાયિક જ્ઞાન હોય, યુગધર્મ પ્રમાણે અન્તર્ગ્રહી બ્રાહ્મણદેશી થવાથી ફક્ત સમ્પ્રદાયના છે એટલુંજ માન; સાથે શેઠની મુમાસ્તા તરફ હોય તેવી તે આશ્રિત બ્રાહ્મણ તરફ વર્તણૂક, સમ્પ્રદાયના સર્વજ્ઞ તરીકેનો દંભ, સમયે સમયે આમ કેમ કરો છો. આ રીત નથી કહી દબાવવાના પ્રયાસ, શુશ્રષા અને જ્ઞાનના વિરોધે આજીવિકા વિવશતા શુશ્રૂષાની જ સહચરી થાય, જ્ઞાન નીરસ લાગે, પ્રપંચી પ્હોંચી વળે. ચર્ચાઓ ચાલતી રહે. ખળભળાટ વિશેષ થાય તો આવડત પ્રમાણે ઉત્તર અપાય, શાસ્ત્ર કરતાં સંગીત તરફ વલણ વધારે, સારા પંડિત કરતાં નામમાત્રના ગવૈયાનું સન્માન, આ બધાં કારણોથી આ આશ્રિત પૌરાણિક હો કે શાસ્ત્રી હો આ લોકોના આદરપાત્ર થવા માટે લ્હેણે વ્યાકરણ, ન્યાય અને વાસ્તવિક પુરાણ જ્ઞાનને પણ બાજુએ રાખી સંગીત શીખવું જોઇએ, સંધર્મ સાથે સંસ્કારની વધ ઘટ થાય. ઉદ્ધવજી જેવા શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીને પણ ચૂપ કરી શિષ્ય બનાવનાર, રસ

[illegible] અને પ્રેમમાર્ગનાં સર્વજ્ઞના સમ્પ્રદાયમાં 'વિશેષ [illegible] નથી' કહેનારા જ્યાં મૂળગ્રન્થ અભ્યાસને આરૂઢ થતા હોય ત્યાં આવા કોલાહલ થાય જ, આ ચર્ચા પણ લગભગ સૈકાથી ચાલતી આવી છે. [illegible] શ્રીગોકુલનાથજીની ગાદીએ આવનાર [illegible] તિલક સંબન્ધિ સંસ્કારો પ્રથમથી ભિન્ન હોવાથી, [illegible] ચર્ચાથી અજ્ઞાત હોવાથી, આશ્રિત વિદ્દ-[illegible] સંબન્ધ હોવાથી તથા તેમાં શુશ્રુષા અને [illegible] લાગવાથી સામ્પ્રદાયિક જ્ઞાનના અભાવે [illegible]ની આ એકજ ચર્ચા વર્ષોથી નિશાનબાજ બની રહી છે.

[illegible] તેવા શાસ્ત્રાર્થો હવે થતા નથી, યુક્તિયુક્ત કે [illegible] ગ્રહણ કરવું તે પણ હવે રહ્યું નથી, न भेतव्यं नवो-[illegible] न [illegible]वादिनो वचः । झटिति प्रतिवक्तव्यं सभासु विजिगीषुभिः । જ્યાં ત્યાં થતા શાસ્ત્રાર્થોમાં પ્રપંચ, ધમાધમ અને પોતાનો એક્કો ખરો કરવાના પ્રયાસો દૃષ્ટિગોચર થાય છે; હૃદયમાં [illegible] રહેલાં જૂસાં વાચસ્પતિ સરખાના બોધથી નીકળતાં નથી, તો પછી વિશેષ નિર્ણયની વાત જ શી ! શાસ્ત્રાર્થની ચેલેંજો અપાય છે, પેપરનાં પેપર પરપોટા જેવા અક્ષરોથી આહ્વાનો સ્વીકારાય છે, સભાઓ ભરાય છે, ઉભયપક્ષના આગ્રહી એકત્ર થાય છે, ખંડન [illegible] પ્રારંભો થતા ન થતામાં તો શાસ્ત્રાર્થના શા અક્ષરનો [illegible] બની કોલાહલ, ખુરશાખુરશી દંડાદંડી, હુંસાતુંસી, [illegible], રાજદૂત, સભાવિસર્જન અને શાસ્ત્રાર્થની સમાપ્તિ, [illegible] શાસ્ત્રાર્થમાં પ્રતિવાદીને छिन्नमूल प्रोञ्छितमूल [illegible] હેતુ પ્રધાન દૂષણ નિદાન લાગે છે તેથી તે કહે છે કે '[illegible] રેખાઓ અશાસ્ત્રીય છે, વાદિ કહે છે કે અમે

નાસ્રા મૂળથી અને રેખાઓ જૂદી કરતા હોવાથી તે દોષ-દ્વિરેખ દંડાકારને સ્પર્શ કરતો નથી कण्ठपुण्ड्रं द्विरेखं भवति એમ શ્રુતિમાં કહેલું હોવાથી શાસ્ત્રીય છે, પ્રતિવાદિને એ ઉત્તર રૂચતું નથી એને તે 'શાસ્ત્ર જ નહિ' એમજ ભૂત ભરાયલું હોવાથી વ્યાકરણ શાસ્ત્રથી સમાસ કરીને સમજાવાય કે પરિભાષાની વ્યાખ્યાથી [illegible] કરાય કે ઉપલક્ષણનાં લક્ષણોથી પ્રમાણિત મનાવાય કે શ્રી ગુસાંઇજીની આજ્ઞા અને શ્રીગોકુલનાથજીના આચરણથી [illegible] નિર્દોષ સિદ્ધ કરાય તો પણ નહિ તે નહિજ. ચાર ચક્ષુ કરાય નહિ, હાર કબૂલાય નહિ, પરિહાર કરાય નહિ એટલે એમજ, प्रवादस्ताम् એકાદની સાથે તેવી હૃદયની આપ લેનો વ્યવહાર કરી જોયો, એને જ્યારે ખંડનનું યુક્તિ યુક્ત ઉત્તર ન સૂઝ્યું ત્યારે તેણે દંડાકારને લખ્યું કે 'શું તમારા બે દાંડાનું તિલક શાસ્ત્રીય છે!' ત્યારે [illegible] યથાનુરૂપ બલિ એનપાયે જવાબ આપ્યો કે 'નિ:શંક, એ દ્વિરેખ-દંડાકાર શાસ્ત્રીય-પદ્ધતિને દૂર કરીને બે દાંડાના સ્વરૂપથી તમને પ્રમાણિત લાગે તો આ તરફથી પણ આપ જેવા [illegible] જો તે [illegible] સ્વરૂપે પ્રમાણિત લાગે, માર્ગ વૈશ્વાનરનો છે, [illegible] આવશ્યકતા છે.' આ એક દ્વિરેખ-દંડાકારની વિરુદ્ધ ચર્ચાના સમર્થ સહાયક પૂરા પુરોભાગિ સાથે કરેલી શાસ્ત્રાર્થની ચર્ચાની આ પ્રકારે થયેલી સમાપ્તિ. आर्जवं हि कुटिलेषु न नीतिः।

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત વિરુદ્ધ ચાલતા નથી, અને કોઈની સાથે સામ્પ્રદાયિક બાબતની કસૂર જાણવા છતાં ચર્ચા કરતા નથી જ્યારે જ્યારે આ દ્વિરેખ-દંડાકાર ઉપર ચર્ચાઓ થઇ છે ત્યારે ત્યારે તેમણે પોતાનો સિદ્ધાન્ત શાસ્ત્રીય પારમ્પરીક અને વિશુદ્ધ છે એમજ પૂરવાર કરી બતાવ્યું છે. અન્ય

ગો. [illegible] પોતપોતાના વચનામૃતમાં યથેચ્છ આજ્ઞાઓ કરી છે તે [illegible] જાતનાં વચન માની અનાદર કર્યો નથી, [illegible] કાંકરોલીવાળા ગો. શ્રી. ગિરિધરજી કૃત ૧૨૦ વચનામૃત [illegible] ૪૪ મું વચનામૃત છે, ત્હેમાં લખ્યું છે કે 'શ્રીગોકુલનાથજીએ [illegible] પધાર્યાની ખબર જહાંગીર બાદશાહને બીરબલ પાસે [illegible]' જહાંગીર બાદશાહ અને બીરબલની એક કાલીનતા ક્યા [illegible]માં છે, કોઇ બીજો બીરબલ તે સમયે હોય તો જહાંગીરનું કે અન્ય ઇતિહાસ તપાસવા જોઈએ, ઈતિહાસ જાણનારાઓએ માળા તિલકના પ્રસંગ સમયે બીરબલની હયાતી વિચારવા જેવી છે, વળી આગળ લખ્યું છે કે બાદશાહના કહેવાથી શ્રીગોકુલનાથજીએ ત્હાંને ત્યાં જ ભરસભામાં '**नीचेको तिलक पोंछी दीनो**' તો એ પ્રોંછિત મૂલનું દોષારોપણ ચર્ચાકાર કોના મતથી [illegible] કરે છે એ એક વિચારવાનું, સાથે શાસ્ત્રાર્થ કરવા ગયેલા તેમ શ્રી નિન્દિત તિલક કરે એ બીજું વિચારવાનું અને એ નિન્દિત તિલકને અત્યાર સુધીના મહાપુરૂષો ચલાવી લે એ ત્રીજું વિચારવાનું, આમ છતાં અન્યમતવાળા એ તરફ બેદરકાર રહે અને આવા [illegible]-બેદૂઓ ભ્રમણામાં ફૂટાય વિગેરે ઘણું ઘણું વિચારવાનું આવે છે; [illegible]માં ત્યારથી આરંભીને શ્રીગોકુલનાથજીના પીઠાધીશો (?) અને વૈષ્ણવો છૂટું તિલક કરે છે અને બાકીના તો હતું તેજ કરતા આવ્યા છે' જરા પૂછવું પડશે ચિદ્રૂપે ઉપાડેલા ઝગડામાં એકલા શ્રીગોકુલનાથજીને પડવાની શી જરૂર હતી! માળા તિલકના વિજેતા [illegible]નું યશ આખા સમ્પ્રદાયમાં એમને એકલાને આપવાની શી જરૂર પડી! રક્ષણ કરવા જનાર વિલક્ષણ વેશે પાછા ફરે તે કલંક [illegible] કેમ નહિ! જેવું જહાંગીર બાદશાહ પાસે બીરબલનું [illegible] તેવું જ તેવી તેવી અપ્પોનું ગુરૂપણું, ન મૂળીનાં ફળ જેવી વાત છે, આમ જાણવા છતાં શ્રીમહાપ્રભુજીના વંશજનાં વચનામૃત

હોવાથી શ્રીગોકુલનાથજીના અનુયાયિયો **अमृतं बालभाषितम् ।** એ ન્યાયે એ પણ પ્રેમથી વાંચે છે.

'સમ્પ્રદાયના સમર્થકો આ તિલકના સમર્થનમાં નથી' વિગેરે કહેનારને જ કે તેમને જ એવાં પ્રતિવાક્ય હોય, વ્યક્તિગત વાતો લખી સિદ્ધાન્તનું પ્રતિપાદન ન કરાય, અન્યનું અશાસ્ત્રીય ન કહેવાય, સિદ્ધાન્તને મહત્ત્વ આપવા પૂરતું કદાચિત્ પ્રાસંગિક કહેવાય, નહિ તો **अन्यदुन्मत्तवत् सत्वमन्यच्छास्त्रनियन्त्रितम् । तस्माच्छास्त्रं प्रमाणं ते** [illegible] જરૂર ન રહે. એવા થોડા પ્રસંગો ચર્ચા સમ-[illegible]વતા તે, સમ્પ્રદાયમાં સુપ્રસિદ્ધ પરમસમર્થ વિદ્વાન એક ગોસ્વામિ બાળકે તે પ્રસંગે આજ્ઞા કરેલી કે 'આ નકામા ઝગડા છે, દંડાકાર શબ્દ જ બાંધ્યા અને છૂટા બન્ને તિલકનો પ્રતિપાદક છે, બાંધ્યું કરનારા એક દંડ કરી સાન્તરાલ અને મધ્યેછિદ્ર કરવા વચ્ચેથી જોડે અને છૂટું કરનારા બે દંડ કરી વચ્ચે સાન્તરાલ અને મધ્યે છિદ્ર રાખે, બન્ને દંડાકાર કહી શકાય અને બન્નેની તેજ પ્રમાણે આચાર પ્રાપ્ત પરમ્પરા છે, એમાં પોતાનું શાસ્ત્રીય અને અન્યનું અશાસ્ત્રીય કહેવા નીકળવું તે ભૂલ ભરેલું છે.' બીજા એક સુપ્રસિદ્ધ ગો. મહાનુભાવે આજ્ઞા કરેલી કે ખુદ શ્રીગોકુલમાં ઠાકુરજી શ્રીગોકુલનાથજી શ્રીનાથજીને હરિપદાકૃતિ કરાય છે ત્હેનું કેમ!' વિનતિરૂપે ઉત્તર અપાયલું કે અરાજક સમયે કે તેવું તિલક કરનારાઓએ કરેલો યથેચ્છાચાર. ત્રીજા એક ઉદારચરિત પ્રભુએ આજ્ઞા કરી કે 'ભલે, દ્વિરેખ દંડાકારનું શાસ્ત્રીયત્વ પ્રતિપાદન કરવા લખો પણ માર્તંડકારના મતનું ખંડન થશે તો કહેવું પડશે' માર્તંડ એટલે ઊર્ધ્વપુંડ્રમાર્તંડ, ઉત્તરમાં માર્તંડકારે સંકુચિત દૃષ્ટિથી લખ્યું જ નથી. જહેમાં અમ્હારૂં ખંડન હોય ત્હેનો અમારે જવાબ આપવાનો, અમ્હને તો બધા આકર ગ્રન્થોમાં દ્વિરેખ-દંડાકારનું પ્રતિપાદન

દેખાય છે અને તે આધારે જ અમે કહી રહ્યા છીએ. ઊર્ધ્વપુંડ્ર માર્તંડમાં [illegible] શાસ્ત્રીય શૈલીથી દ્વિરેખ દંડાકારનું મંડન કરવામાં આવ્યું છે. માર્તંડકાર ચતુર્થગૃહના તિલકાયત શ્રી દાઊજી મહારાજના [illegible] શ્રી દાઊજી મહારાજ પ્રથમ-ચતુર્થ પીઠાધીશ [illegible] તેલીવાળા કૃત પ્રસ્તાવના, આ શ્રી દાઊજી મહારાજ [illegible] શ્રી દામોદરજી, આદિથી અંત પર્યંત તે ગ્રન્થ [illegible] તેમાં દંડાકારનું જ પ્રતિપાદન અને સિદ્ધાન્ત તરીકે દ્વિરેખ દંડાકારનું પ્રતિપાદન દેખવામાં આવશે. સત્સિદ્ધાંતમાર્તંડમાં ખંડન કે મંડન કર્યું છે જ નહિ ફક્ત ઊર્ધ્વપુંડ્ર ધારણવાદનો અનુવાદ [illegible] છે, છતાં ત્હેમાં પણ દ્વિરેખ દંડાકારનાં પ્રતિપાદક વચનો છે. અમ્હારી દૃષ્ટિમાં શ્રીમહાપ્રભુજી અને ત્હેમના કોઈપણ વંશની જ કૃતિ-ગતિમાં અનાદર-બુદ્ધિથી સંભાવના કરવી તે પણ પાપરૂપ છે, ચર્ચા થઈ તો આક્ષેપો દૂર કરવા જરૂર પડી, આ જરૂરિયાતમાં કદાચિત્ ક્વચિત્ ગવેષણમાં વધારે પડતો શબ્દ આવે અને ત્હેનાથી “**न कञ्चित्मर्मणा स्पृशेत्** । વિગેરે જે કંઈ વાગ્દોષનું પાપ થાય તે આવી ચર્ચાના ઉત્પાદકને અર્પણ કરી આશ્વાસન પામવું એ જ **सुन्दरम्** ।

युक्तियुक्तं प्रगृह्णीयाद्बालादपि विचक्षणः। रवेरविषयं वस्तु किं न दीपः प्रकाशयेत् । બધાય વૈષ્ણવ-સમ્પ્રદાયોમાં પોત-પોતાના વિશેષો સહિત ઊર્ધ્વપુંડ્રનું વિધાન છે. દ્વિજાતિને માટે તેનું તિલક ધારણ કરવું તે અગ્નિહોત્ર સમાન છે, કોઇપણ વૈષ્ણવ સમ્પ્રદાયની દીક્ષારહિત્ત પુરૂષ પોતાની રૂચિ પ્રમાણે વિના સંકોચે તે ધારણ કરી શકે, અને તેવા ઘણા ચંદન કુંકુમાદિથી હરિપદાકૃતિ ઊર્ધ્વપુંડ્ર ધારણ કરતા જોવામાં આવે છે.

ટુંકાણમાં હરિપદાકૃતિ ઊર્ધ્વપુંડ્રનો સર્વત્ર પ્રામાણિક પ્રચાર છે. શૈવ વૈષ્ણવોની પ્રત્યભિજ્ઞામાં પણ શૈવોનું ત્રિપુંડ્ર અને વૈષ્ણવોનું ઊર્ધ્વપુંડ્ર ડંકાનિશાન જેવું જગજાહેર છે, આ સર્વસાધારણ ઊર્ધ્વપુંડ્રની વાત થઈ, વૈષ્ણવ સમ્પ્રદાયોમાં તેતે ઊર્ધ્વપુંડ્ર તેવા તેવા તફાવતોવાળાં દેખવામાં આવે છે, એ સર્વસાધારણ હરિપદાકૃતિ ઊર્ધ્વપુંડ્ર પુષ્ટિ-સમ્પ્રદાયમાં પણ ગ્રહણ કરાતું હોય તો અન્યથી વૈલક્ષણ્ય આવતું નથી, સમ્પ્રદાયિકોનો એક કોઈની રૂચિ કે યદૃચ્છાથી સંભવિત છે, સામાન્યાતિદેશે વિશેષાનતિદેશઃ । સામાન્યની સરખામણીમાં વિશેષની સરખામણી ન થાય તેથી દ્વિરેખ-દંડાકાર જ વિલક્ષણ સવિશેષ અને નિર્ગુણ-ભક્તિમાર્ગના ભાવનું પ્રકાશક હોવાથી શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયનું અભિમત સિદ્ધ કરે છે, દંડાકાર એ શબ્દ માત્રથી પણ દ્વિરેખ દંડાકાર ઓળખાઈ આવે છે, પરબલીય ન્યાયથી પણ રેખા-દ્વયવિધાનની જ યોજના છે, આ પુસ્તકમાં દંડાકાર તિલકના વાસ્ત-વિક સ્વરૂપનું પ્રતિપાદન કરવાનો પ્રયાસ છે.

આ દ્વિરેખ દંડાકાર સર્વપ્રકારે શાસ્ત્રસિદ્ધ હોવા છતાં કૃતિનો અવિરલ હોવાથી કૃતિવિષય થતાં નવીનતા દેખાતાં ઈતર જનતાને કુતૂહલ લાગે, કૌતુકપ્રિય લોકોમાંથી કોઈ ચિદ્રૂપ નીકળી આવે આ શક્ય સંભવ છે, ચિદ્રૂપે તમામ ઊર્ધ્વપુંડ્રોનો વિરોધ કર્યો હોય તેવું ઇતિહાસમાં નથી. આ નહિ દેખેલા દ્વિરેખ-દંડાકાર તિલક સાથે તુલસીની માળાને જોઈ ત્હેણે બખાળા કર્યો હોય તે બનવા યોગ્ય છે, એક સાધારણ સન્યાસી સમર્થ આચાર્યપર્યંત ન પ્હોંચે તો ત્હેને ત્હેના જેવા માનસવાળા રાજદ્વારી પુરૂષો મળતાં લાગવગથી રાજદ્વારે ઘૂસી ધાંધલ મચાવે તે પણ શક્ય છે, ચિદ્રૂપના સમયમાં રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક અને ચૈતન્ય સમ્પ્રદાયના આચાર્યો તથા ત્હેમના શિષ્યો વિદ્યમાન હતા, તેઓ પોતપોતાનાં ઊર્ધ્વપુંડ્ર અને

માળા ધારણ કરતા હતા જ છતાં તેઓ ઉપર ચિદ્રૂપનો આક્ષેપ કે [illegible] પડવાનું તે લોકોના ઇતિહાસથી જાણવામાં આવ્યું નથી તેથી સાબીત થાય કે ચિદ્રૂપની ચેષ્ટાનું લક્ષ્ય પુષ્ટિ સમ્પ્રદાય જ હતો, ઇતર વૈષ્ણવ સમ્પ્રદાયોમાંથી માળા તિલકનો પ્રસંગ નીકળી આવે તો કૃષ્ણદેવ રાજાની સભામાં થયેલા શૈવ-વૈષ્ણવોના શાસ્ત્રાર્થોમાં વૈષ્ણવાચાર્યોએ સપક્ષ શ્રીમહાપ્રભુજીને આપેલા વૈષ્ણવ-શિરોમણિના [illegible] પેઠે શ્રીગોકુલનાથજીને પણ કૈં મળ્યું હોય અને તે તે [illegible] જ ગ્રન્થથી નીકળી આવે; તેવું કૈં નથી, તેથી સાબીત થાય છે કે ચિદ્રૂપને દ્વિરેખ દંડાકાર જ અશાસ્ત્રીય લાગ્યું હતું. ત્હેણે તે ઉપર જ હુમલો કરી તે ધારણ કરનારને રંજાડયા હતા, વિશેષ [illegible] થતાં શ્રીગોકુલનાથજી પોતે વૃદ્ધ હોવા છતાં બાદશાહનો મુકામ કાશ્મીર હોવાથી ત્હાં સુધીનો પ્રવાસ કરી ભર સભામાં [illegible] રીતે દ્વિરેખ-દંડાકારને સપ્રમાણ સિદ્ધ કર્યું, માળાતિલક પ્રસંગમાં આ કથા જ સવિસ્તર છે, બાકીની બીના બુદ્ધિગમ્ય હોવાથી [illegible]कटु यत्कर्म तन्नशंसन्ति पंडिताः । અને તેથી જ કલ્લોલ જેવા ગ્રન્થો અપ્રસિદ્ધ રહ્યા છે, છતાં તેનું થોડું दण्डाकार तिलक-निर्णयમાં આપ્યું છે તે જોવું.

આપણે શાસ્ત્ર અને ત્હેમાં કહેલા વિષયોના મર્મને સ્હમજતા [illegible] તે પ્રમાણે વર્તતા હોઇએ તો અન્યને કહી શકીએ, આપ-[illegible] સમજતાં હોય તે જોયા વિના બીજાના નવા ઉપજાવી [illegible] તો 'આપમાં અંધાર છે.' જેવું સાંભળવું પડે, પ્રકાશ [illegible] પિશાચના પડછાયા જેવાં વર્તનોથી પ્રસિદ્ધ ન થવાય, [illegible] છે જ શું ? શાસ્ત્રો જોયાં છે કોણે ? સૂંઠની કાંકરીથી [illegible] જમાનામાં ધર્મના નિશાન ઉપર આ ધમાધમ [illegible] ! દ્વિરેખ દંડાકાર જે ઊભી બે રેખાઓ કરવાની છે તેમાં

[illegible] ! સપ્રમાણ શાસ્ત્રીયને અશાસ્ત્રીય કહેવા [illegible] કરેલાને સર્વમાન્ય મનાવવા ધમકા- [illegible] કરવા, સડો છે વિગેરે બહાતદા કરી [illegible] આ શાસ્ત્રજ્ઞાનના અજીર્ણનો અપચો હશે તે [illegible] ैर्भवति लघीयसां हि धाष्टर्यम् ।

[illegible] ચરણાકાર માની તે પ્રમાણે કરનારા ભલે તેમ કરે, તે સામે અમે કોઇ દિવસ વિરોધ કર્યો નથી, ત્હેમની [illegible] છે, જોષીની સંખ્યાવાચક પરિભાષાને તે અને તેવા [illegible] પક્ષને સિદ્ધ કરવા ઉપલક દૃષ્ટિથી દેખેલા આકર [illegible] નામે તે તે ગ્રન્થકાર મહાનુભાવોના શારદ શશિ- [illegible] કલંકિતકરવું યોગ્ય નથી, શ્રીગોકુલેશાનુયાયીઓને [illegible] હતા, છે અને રહેશે આ ગ્રન્થ પણ એજ [illegible] લખાયો છે તે વાંચવાથી સ્હમજાશે, ભિન્ન [illegible] માનનારને ભાગ બતાવવા પૂરતો પ્રયાસ માત્ર છે, [illegible] છે, દંડાકાર–દ્વિરેખ તિલક વિષય છે, પ્રતિપાદન [illegible] પ્રતિપાદન તેજ સંબન્ધ છે, અને આ ગ્રન્થ વાંચી [illegible] તે પ્રમાણે વર્તનારા સર્વ કોઇ અધિકારી છે. વિદ્વાન [illegible] વાંચીને સારાસાર ગ્રહણ કરીને ચર્ચાકારના [illegible] પણ સાધારણ જનતા આવી તુષકંડન જેવી [illegible] વર્ગ તરફ કદાચિત્ અનાદર કે અશ્રદ્ધાની [illegible] જે કંઈ પાપ–દોષ થાય તે આવા બખેડા [illegible] આવી પ્રવૃત્તિયોદ્વારા દૂષક બનાવી અકથ્ય [illegible] તરફ દોરે તે ઓછું શોચનીય નથી. ઉપોદ્ઘાતમાં આ લખાણ પણ विवक्षितं ह्यनुक्तं सन्तापं जनयति એ ન્યાયે નિઃસન્તાપ થવા પૂરતું સ્હમજવું.

કોઇ કહે કે શ્રીમહાપ્રભુજીએ दण्डाकारं ललाटे स्यात् એમ આજ્ઞા કરેલી હોવાથી એક દંડનો આકાર કરવો, ત્હેનો જવાબ એ છે કે તેવો અર્થ કરવાને दण्डस्याकारो ललाटे स्यात् એમ પાઠ જોઇએ. અહિં દંડાકાર શબ્દ બહુવ્રીહિ સમાસાન્ત હોવાથી વિશેષણ છે, દંડના આકારવાળું શું એ જીજ્ઞાસાની શાન્તિ તિલક એ વિશેષ્યથી થાય છે, दण्डाकारम् એ શબ્દનો અર્થ–એક દંડના આકારવાળું બે દંડના આકારવાળું અથવા બહુદંડના આકારવાળું એમ થાય તેથી જ્હેની જ્હેમ પરમ્પરા હોય તેમ કરે તે યોગ્ય છે, ફક્ત દંડાકાર શબ્દ કહેવાથી આકાર શબ્દના એકવચનને લઇને એક દંડનો આકાર કરવો તેવો અર્થ નીકળતો નથી.

બીજા કહે છે કે આવો ગ્રન્થ લખવાથી સમાજમાં ઉછરતા પુરૂષોને બુદ્ધિભ્રમ થવા સંભવ હોવાથી આ પ્રવૃત્તિ કલહોત્પાદક છે, તેનું ઉત્તર પ્રત્યેક પોતાના સિદ્ધાન્તને દૃઢ કરે છે, આ પ્રવૃત્તિનું કારણ હોવું જોઇએ એવી સંભાવનાથી આ પ્રવૃત્તિનું સ્વરૂપ સ્હમજવું કઠિન નથી, આક્ષેપ કરનારને સમાધાન વિના નિરૂત્તર ન કરાય, સમ્પ્રદાયમાં બન્ને ચરણનું સેવન હોવાથી દ્વિરેખ તિલક જ દંડાકાર કહી શકાય. વળી આ ગ્રન્થ નવો નથી જ दण्डाकारतिलकनिर्णय. श्रीगोकुलेशस्यतिलकनिर्णय. એમ બે ગ્રન્થ આથી પૂર્વ આ વિષયના છપાયા છે જ તેથી બુદ્ધિ ભ્રમ થવાનો થઇ ચૂકયો હશે. હવે આથી વિશેષ થાય તો ભગવદિચ્છા, આ પ્રવૃત્તિ જ ભગવદિચ્છાથી થઇ હોય તો હવેથી થવાનું પણ તેમજ થશે.

આ ગ્રન્થ એવા સમયમાં બહાર પડે છે કે જ્યારે 'તિલકની બાબતમાં અમ્હને રસ નથી, અમને તિલક કરવાને શ્રદ્ધા કે અવકાશ

નથી, અમ્હે તિલકને માનતા નથી.' આવું કહેનારા અને તિલક ન કરનારા સંપ્રદાયના પુરુષ-પ્રતિષ્ઠિત સાંપ્રદાયિકોની સંતતિ ધાર્મિક પ્રવૃત્તિયોથી ઉદાસીન દેખાય છે. આટલાથી ત્હેમની અન્ય પ્રવૃત્તિ પણ સમજી લેવાની છે; છતાં જે હૃદયમાં બીરાજી આ પ્રવૃત્તિનો હેતુ થયો છે ત્હેના ચરણમાં આ પ્રવૃત્તિ અને ત્હેનાં ભાવિ-ફળોની ભેટ કરીને તેમણે દયા કરીને આપેલી બુદ્ધિ પ્રમાણે નિર્વાહ કરવો એજ હિતાવહ છે.

બે ચરણનો આકાર તેજ દંડાકાર એજ તારતમ્ય હોવાથી ચરણાકાર અને દંડાકાર એમ નામ ભેદે એક ચરણાકાર-ચરણાકાર, બે ચરણાકાર દંડાકાર એમ બન્ને ભેમાં તિલક શાસ્ત્રસિદ્ધ હોવા છતાં આચાર્યચરણોની દંડાકાર કરવાની આજ્ઞા હોવાથી તે આજ્ઞાનું રહસ્ય ભક્તિશાસ્ત્રની વ્યવસ્થા પ્રમાણે જ આ ગ્રન્થમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

બેઠકોમાં તિલકનું રૂપાન્તર સત્તા-કબ્જાને લઇને છે, સત્તાધારીનો પોતાનો નિર્ણય જ એવા તિલકનું કારણ હોવાથી તે જ તે તેમ કહી શકાય નહિ.

શ્રીગોકુલનાથજીના સેવકોમાં બે ભેદ છે, ભરરૂચિ અને નીમ-ડોળ્યા. જ્યારે જ્યારે ચતુર્થગૃહ તરફ કોઈ જરાપણ આક્ષેપ કરે છે ત્યારે ત્યારે ધર્મવીર તરીકે ભરરૂચિ જ આગળ આવે છે, આ તિલક બાબતની ચર્ચા થવાના પ્રસંગે પણ ભરરૂચિ બન્ધુઓએ જ **श्रीगोकुलेशस्य तिलकनिर्णयः (सं. मू.)** તથા **दंडाकारतिलक-निर्णय** (વ્રજભાષાન્તર સાથે સંસ્કૃત.) એમ બે ગ્રન્થ પ્રકાશિત કર્યા છે, વસ્તુઃ સ્વરૂપ શ્રીગોકુલનાથજીની કૃપા પ્રથમ તો ત્હેમને જ વંશપ્રદ થઇ ગણાય. અમ્હારો પરસ્પર કેટલીક બાબતોમાં મતભેદ

હોવા છતાં પણ શ્રીગોકુલેશના અનન્ય તરીકે સ્વગૃહના અડગ ટેકધારી સ્વરૂપે અમ્હારા અન્તઃકરણમાં એ લોકો બળાત્કારે પણ બન્ધુતાનું ભાન કરાવી [illegible] પ્રતીત કરાવે છે, ચર્ચાના સમયે જ ગ્રન્થ લખવાની ઈચ્છા હોવા છતાં અમ્હારાથી કંઈ ન થયું અને તેઓએ એ ગ્રન્થ છપાવી દીધો તેજ ત્હેમાં પ્રમાણ છે, આ પંક્તિયો લખતી સમયે શ્રીગોકુલેશ-પ્રભુ તરફની ત્હેમની ભક્તિનું સ્મરણ કરતાં હૃદય આર્દ્ર થાય છે, શ્રીહરિ ત્હેમને ત્હેમના ટેકમાં અવિચળ રાખે.

આ દ્વિરેખ-દણ્ડાકાર તિલક સમ્બન્ધિ ચર્ચાનો ઉદય-મધ્ય અને અસ્ત ઘણું કરીને વિ. સં. ૧૯૯૧થી ૯૩ સુધીમાં હોવો જોઈએ, એટલે આ બીના બને લગભગ ૯-૧૦ વર્ષ થયાં, વાસના દાવાનળની પેઠે સળગી ઉઠેલું એ વાતાવરણ એકદમ કેવી રીતે શાન્ત થયું તે ચિર વિસ્મૃતિના પ્રવાહમાં વહી ગયું છે તે પાછું લાવવા કે જૂના ઘા તાજા કરવાનો આ સમય નથી. તેમ અત્યાર સુધી આવી અન-ધિકાર ચેષ્ટાઓ કરનારાઓ કોઈ વિશેષ વ્યક્તિ તરીકે ગણાયા નથી, છતાં પુસ્તકના પ્રકાશનનું કારણ, એવી બાબતોથી ગૂંથાયલું હોવાથી ચર્ચાના વિષયોની વાચકને માહિતી મળે તે હેતુથી સિંહાવલોકનથી બતાવવામાં આવ્યું છે, છતાં તે સમયનાં તે તે પ્રધાનપાત્રોને આ લખાણથી આવેશ થવાની સંભાવનાને લક્ષ્યમાં લઈને જ નિષ્પક્ષ-પાત રીતે વિષયનું સમર્થન કર્યું છે, જો કે 'દંડાકાર તિલક નિર્ણય' નામના ગ્રન્થદ્વારા દ્વિરેખ-દંડાકારનું સમર્થન અને ચર્ચાનું પ્રત્યુત્તર તે સમયે થઈ ચૂક્યું છે જ, તોપણ તે સમયનો બલવત્તર સંયોગ આ કૃતિની આકૃતિ યોજવા જવાબદાર છે. સમય, સંયોગ વિગેરેની પ્રતિકૂલતાને લીધે પડી રહેલું કાર્ય શ્રીગોકુલેશ-પ્રભુની ઈચ્છાથી આ સમયે આ રૂપમાં આ પ્રમાણે પ્રસિદ્ધ થાય છે, વાચકે

એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે, 'દંડાકાર તિલક નિર્ણય' ગ્રન્થ મથુરાવાળા નિત્યલીલાસ્થ પૂ. પા. ગો. શ્રીરમણલાલજીના સેવક પરમ ભગવદીય શ્રીયુત લોકનાથ પંડિતનો બનાવેલો છે, ખાસ શ્રીગોકુલ-નાથજીની જ સૃષ્ટિ સ્વતન્ત્ર કાર્યથી પાછળ છે, કારણ લખાઇ ચૂક્યું છે, માટે ગ્રન્થોના આગ્રહી વૈષ્ણવ બંધુઓએ પ્રથમ આકર ગ્રન્થોના આ વિષયને આદ્યન્ત વાંચવો. પછી આ પુસ્તક વાંચી વિચાર કરવાથી આપોઆપ શ્રીમહાપ્રભુજીના **दण्डाकारं ललाटे-स्यात्।** એ વાક્યનો મર્મ સમજાશે. મનુષ્યકૃતિ હોવાથી દોષની દૃષ્ટિ સર્વથા ટળી શકાય તેમ ન હોવા છતાં ભગવત્કૃપા હૃદયને એટલો વિશ્વાસ અવશ્ય રખાવે છે કે **नाल्पीयान्बहु सुकृत हिनस्ति दोषः।** વર્ષોના સમય પછી સં. ૧૯૯૪ ના પોષ માસમાં રાજકોટનિવાસી વિદ્વન્મંડળના ભાષાન્તરકાર સામ્પ્રદાયિક વિદ્વર શ્રીયુત [illegible] મોદી, એમ. એ. એલ. એલ. બી. તરફથી **श्रीगोकुलेशस्य तिलकनिर्णय** એ નામનો એક સંસ્કૃત લેખ 'શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડ' નામના માસિકમાં શ્રીયુત વસન્તરામ શાસ્ત્રીજીએ છાપ્યો છે, તેનો વિસ્તૃત અનુવાદ તે લેખ સાથે આ પુસ્તકના અંતમાં આપ્યો છે, લેખ પ્રાચીન જણાય છે, ગ્રન્થકારનો નામનિર્દેશ નથી, છતાં ઉપોદ્બલક હોવાથી આ પુસ્તકમાં તે લબ્ધા-વસર છે. વર્તમાન સમયમાં બધા એક સરખા વિદ્વાન ન હોવાથી સર્વસાધારણને સરખો લાભ મળે તેમ જાણી ભાષાન્તર પણ આપ્યું છે, આ પ્રમાણે આ પુસ્તકનો ઉદ્દેશ છે, મહાકવિ શ્રી. માઘના **बह्वपि स्वेच्छया कामं प्रकीर्णमभिधीयते। अनुज्झितार्थसम्ब-न्धः प्रबन्धो दुरुदाहरः।** એ હિતવચનને લક્ષ્યમાં રાખી આટલાથી જ આ ઉપોદ્ઘાત સહ લેખકનો આભાર માનતો મંગલાભિમુખ થાય છે. **अयराम्।**

વીરપુર. (રેવાકાંઠા)	ગુણગ્રાહી
મહામહોત્સવ	બાલમુકુન્દ વૈકુંઠરાય શાસ્ત્રીના
સં. ૨૦૦૨	સપ્રેમ શ્રી સ્મરણ



इमेऽस्माकं मनोमोददायिनो भक्तभावुकाः
श्रीगोकुलेशनामानो मालातिलकरक्षकाः
प्रा. सं. १६०८-मार्गशीर्ष शुक्ल सप्तमी.

(મુમ્બઇ મુકુન્દમન્દિરાધ્યક્ષ ગોસ્વામિ-કુલ-કમલ દિવા. કર પૂ. પા. ગો. શ્રીગોકુલનાથજી મહારાજના દ્વિતીય પુત્ર-રત્ન મહામહિમ આયુષ્માન્ શ્રી દીક્ષિતજી બાવા સાહેબની સમ્મતિ

। विजयते श्रीबालकृष्णः प्रभुः ।
। नेहाभिक्रमनाशोऽस्ति ॥

श्रीभारतसंरक्षकसंघः

बडोहवेली भुलेश्वर, बम्बई नं. २

શ્રીયુત બાલમુકુન્દ શાસ્ત્રીજીદ્વારા પ્રણીત 'દંડાકાર દિવાકર' નામક ગ્રન્થનું મ્હેં અવલોકન કર્યું. અમ્હારો વૈય-ક્તિક મતભેદ હોવા છતાંએ ગ્રન્થની રચનાશૈલીથી મ્હને નિરતિ-શય પ્રસન્નતા થઇ છે. ગ્રન્થવિચાર મીમાંસક પદ્ધતિથી તેમજ શ્રીમદ્ ભાગવતના આધારે કરવામાં આવ્યો છે. શ્રીમદ્ ભાગ-વતનો આલોચનાપૂર્ણ ઉપયોગ વિદ્વન્મનઃસંતોષાવહ છે. સમ્પ્રદાયમાં પ્રચલિત બે પ્રણાલીમાંથી દંડાકાર તિલકપ્રણાલીનું સમર્થન શાસ્ત્રીજીદ્વારા સુરુચિરરૂપથી થયું છે એ નિઃસંદેહ છે.

गो. श्री दीक्षितजी

(ધ્યાનપૂર્વક સમ્પૂર્ણ સંસ્કૃત-ગ્રન્થ સાંભળ્યા બાદ ઉપર પ્રમાણે સમ્મતિ આપનાર આ ગોસ્વામિ-બાળકને જોઇને શ્રી મહાપ્રભુજીના महोदार-चरित्रवान् એ નામનું અક્ષ-રશઃ સ્વારસ્ય કોઇપણ સમયે ભૂલાય તેમ નથી.)

દંડાકાર-દ્વિરેખ.

તિલક છે દંડાકાર દ્વિરેખ

ચરણાકારને દંડાકારનો એજ તફાવત એક—તિલક છે.
ચતુર્વિધ ભક્તિપથમાં મુખ્યત્વે, શરણમાર્ગ તો બેજ
મર્યાદા શરણાર્થીને પણ, હરિપ્રદ આશ્રય છેજ
તદર્થે ચરણાકાર વિશેષ ત્હાં આકાર ચરણનો એક
તે કારણથી છે સાધારણ ચરણાકાર વિવેક
અનેરો પુષ્ટિભક્તનો ટેક કરે તે દંડાકાર-દ્વિરેખ—તિલક છે.
નિઃસાધન નિષ્કામ નિર્ગુણી નૈષ્ઠિક નિયમિત નેક
નિશદિન નાથના અનન્ય રે'વું એ જ્હાં મુદ્રાલેખ
કરે તે દંડાકાર-દ્વિરેખ શ્રીમહાપ્રભુજીનો છે લેખ
स्यात् ललाटे दण्डाकारं દંડાકાર-દ્વિરેખ
શ્રી પ્રભુચરણોનો આદેશ રેખાદ્વય સમાન દ્વિરેખ—તિલક છે.
એક ચરણનું શરણ કરણના કાર્યસિદ્ધિ દાખવેજ
ઉભય ચરણનું શરણ સર્વદા સ્વામિને રીઝવેજ
તેથી છે દંડાકાર દ્વિરેખ દ્વિચરણાકાર સમજવું સ્હેજ
માધવ-મન્દિર મધ્ય મનોહર નિગમાગમ સૂચવેજ
બાલમુકુન્દ ધરે છે એજ તિલક શુભ દંડાકાર-દ્વિરેખ-તિલક છે.

॥ श्री वाग्देवी प्रसीदतु ॥

॥ सम्मतिपत्रमिदम् ॥

नाविदितं समेषां विपश्चित्तमानां यद्दुःसाध्यत्वात् संस्कृताध्ययनस्य जगत्प्रसिद्धोऽयंन्यायोयत् "सहस्रेषु चपण्डितः" इति ॥ एवमेव सत्स्वपि सहस्राधिकविद्वत्तल्लजेषु केचिदेव व्याख्यानपाटवं प्राध्यापकत्वं वावलम्ब्य प्रयतन्ते स्ववृत्तिरक्षैक वृत्तयः ॥ किन्तु नवीन ग्रन्थरचनाविधिकौशलप्रदर्शकं पाण्डित्यं तु प्रकटयन्ति कतिपयाविरलाएव विपश्चितः ॥ सांप्रतमेव श्रीमद्बालमुकुन्दशास्त्रिप्रणीतोऽयं "श्रीदण्डाकार दिवाकरः" ग्रन्थः साद्यन्तो निरवद्यश्चावलोकितोऽस्माभिः ॥ स्वल्पंसूत्राक्षर-मिव बह्वर्थप्रतिपादकं नवीनमेतद्ग्रन्थरत्नं वीक्ष्यचातीव समतुतुषच्चित्तंमदीयम् । तत्र तत्र श्रुतियुक्त्यनुभवगर्भितं युक्त शब्दसामर्थ्यमर्थगौरवसहितं रसप्रदश्चैतद्ग्रन्थचन्द्रं वीक्ष-माणस्य कस्य सचेतसश्चित्तचकोरो नमोमुद्येत ?" यत्र शुद्धवैष्णवसम्प्रदायसंसिद्धं तिलकविधानं "चरणाकारं दण्डाकारं वा" तद्विषयं सुतरां विविच्य विस्तृत्य च तथैव समर्थितंयत् "प्राधान्येन व्यपदेशाभवन्ति" इति चाङ्गि प्राधान्यात् समदर्शिनां साम्प्रदायिकविद्वत्तमानां राद्धान्त-श्चरणाकारमङ्गमुद्दिश्य दण्डाकारतिलकप्रतिपादकोऽङ्गित्वेन शेष शेषित्वेनवा सकलवैष्णवजनसम्मत इति सर्वमवदातम् ॥

शास्त्री गिरिजाशंकर नाथजीभाई
रायपुर सं. पाठशाला प्राध्यापकः
अमदावाद.

शुद्धिपत्रम्

अशु.	शु.	पृ. पं.
व्यवहो	व्यवहि	६—५
धार्य्य	धार्य्यं	९-१२
प्रस्तत्वाच	प्रस्तत्त्वाच्च	९-१६
तद्विद्धि	तद्विद्धि	११-३
विस्तृता	विस्तृता	११-१६
च्छिन्देत्	च्छिन्द्यात्	५-२१
भगवत्त्वरूप	भगवत्स्व	१३-१५
तथावो	तथैवो	१८-६
पपद्यत	पपद्यत	१८-१४
यथक	यथैक	१८-२३
वाहिनाभि	वाहिनीभि	१९-२०
द्रुचिर	द्रुचिरं	२१-४
भ्रुवोम	भ्रुवोम	२५-८
वप्यर्ध्व	वप्यूर्ध्व	२७-१४
मुक्तिवान्	मुक्तिमान्	२८-९
चरणया	चरणयो	२९-९
तथव	तथैव	२९-१२
नारायणन्ते	नारायणान्ते	३०-१३

ભાષાન્તરમાં તથા બીજા ગુજરાતી લખાણુમાં રહી ગયેલી અશુદ્ધિયો વાચકે કૃપા કરી સુધારી લેવી.